**-: વચગાળાના ભરણપોષણ માટેની અરજી આંક-૦૫ હેઠળ હુકમ :-**

(૧) અરજદારની હાલની અરજી ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૨૩ હેઠળ વળતર અને નાણાકીય સહાય અંગેની માંગણી કરેલ છે.

(૨) આ કામે અરજદારની અરજી રજુ થતા પ્રોટેકશન ઓફીસરનો રીપોર્ટ મંગાવવામાં આવેલ જે આ કામે આંક-૦૭ થી રજુ છે અને સામાવાળાને નોટીસ કરવામાં આવેલ, જે અન્વયે સામાવાળા હાજર થઈ આંક-૧૭ થી જવાબ રજુ રાખેલ છે.

(૩) હાલનો હુકમ વચગાળાના ભરણપોષણ અન્વયેનો હોય અરજદારે અરજીમાં કરેલ આક્ષેપો તથા પ્રોટેકશન ઓફીસર શ્રી નો રીપોર્ટ તથા સામાવાળા પક્ષેના જવાબની હકિકતો અને અરજદાર તથા સામાવાળાની દલીલો વગેરે ઘ્યાને લેતાં હાલના તબકકે અરજદારને કાયદા મુજબ મળવાપાત્ર વચગાળાનું ભરણપોષણ મેળવી શકે કે કેમ તે પ્રથમ દર્શનીય રીતે નકકી કરવાનું છે અને આ ભરણપોષણ કેટલુ હોવુ જોઈએ તે સામાવાળાની આવક પર નિર્ભર કરે છે. સામાવાળાની માસિક આવક કેટલી છે તે પુરાવાનો વિષય છે અને વચગાળાની ભરણપોષણની અરજીનો નિકાલ કરતી વખતે સામાવાળાની આવક ઉપરાંત અરજદારને પડતી આર્થિક મુશ્કેલી જોવાની હોય છે. જે જોતા ઉચ્ચક રકમ પેટે વચગાળાની ભરણ પોષણની રકમ આપવાની રહેતી હોય છે.

(૪) આ કામે અરજદારે તેમની અરજીમાં જણાવેલ છે કે, આ કામના સામાવાળા નં. ૧. મોટા બીલ્ડીંગમાં લાદીનું કોન્ટ્રકટ રાખી મહીને રૂ.૨,૫૦,૦૦૦/- જેવી આવક મેળવે છે. આમ, આ કામના સામાવાળા નં. ૧ પર અરજદાર સિવાય અન્ય કોઈના ભરણપોષણની જવાબદારી નથી.

(૫) આ કામે અરજદારની અરજી મુજબ અરજદારે સામાવાળા અરજદાર તથા સગીર બાળકને ભરણપોષણની રકમ પેટે માસિક રૂા. ૨૦,૦૦૦/- તથા અરજદારો ઉપર હિંસા આચરે નહી તેવો હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૬) હાલના કામે સામાવાળા તરફે આંક-૧૭ થી જવાબ રજુ રાખેલ છે જેમાં તેઓ જણાવે છે કે તેઓને જયારે મજુરી કામ મળે ત્યારે છુટક મજુરી કરી કમાઈ છે તથા આ કામના અરજદાર રસોડાના કોન્ટ્રાકટ રાખી માસીક રૂપિયા પંદર થી વીસ હજાર કમાય છે. તેથી અરજદારને તેમના જીવન નિર્વાહ માટે રોજીંદી જરૂરીયાત, સામાવાળાનાસ્ટેટસ અને સામાવાળા ઉપરની જવાબદારી ઘ્યાને લઈ હુકમ કરવો ન્યાયોચીત છે.

(૭) અરજદારની અરજીની હકિકતો અને સોગંદનામું ધ્યાને લેતા પણ કોઈ પણ જાતના વ્યાજબી કારણ વિના સામાવાળાએ શારીરીક–માનસિક ત્રાસ આપેલ હોય આ કામના અરજદાર ઘરેલું હિંસાનો ભોગ બનેલ હોવાનું નકારી શકાય તેમ નથી. આ સંજોગોમાં અરજદારને તેઓનું ભરણપોષણ કરવુ હાલની કારમી મોંઘવારીમાં અસહય થઈ પડે તેમ હોય વધુ વિસ્તૃત ચર્ચામાં ઉતર્યા વગર અરજદારની હાલની પરિસ્થિતી, સામાવાળા ઉપર રહેલ જવાબદારી વગેરે ધ્યાને લેતા વચગાળાના ભરણપોષણ અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

(૧) આ કામના સામાવાળા નં. ૧ નાએ અરજદારને કુલ મળી રૂા. ૨૫૦૦/– (અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા) દર માસે ચડયે ચડયા નિયમીત રીતે વચગાળાના ભરણપોષણ પેટે ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અરજદારની હાલની અરજી અન્વયે માંગેલ અન્ય દાદ અંગે વિસ્તૃત પુરાવા લીધા સિવાય નિર્ણય થઈ શકે તેમ ન હોય, વચગાળાના તબકકે આ દાદ અંગે નિર્ણય કરવામાં આવેલ નથી.

(૩) અરજદાર સામાવાળા પાસેથી અન્ય કોઈ અરજી હેઠળ વચગાળાનું ભરણપોષણ મેળવતા હશે તો તે રકમ હાલના ભરણપોષણની રકમમાંથી બાદ ગણવાની રહેશે.

(૪) આ હુકમની એક નકલ સંબંધીત પોલીસ સ્ટેશન તેમજ પ્રોટેકશન ઓફીસરને મોકલવી.

(૫) આ હુકમની એક નકલ અરજદારને વિના મુલ્યે આપવી.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ : ૨૫ મી, માહે : ફેબ્રુઆરી, સને : ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

જામનગર.
તા. ૨૫/૦૨/૨૦૨૫

**(પાર્થ પ્રવિણચંદ્ર ચૌહાણ)**
બીજા એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
જામનગર
જજ કોડ નંબર : જીજે ૦૧૬૯૨